ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરી વિસ્તારના ગામોમાં માર્ગો માટે રૂ ૧૫ કરોડ ખર્ચાશે

## સી સી રોડનુ અધુરૂ કામ પૂર્ણ કરાશે : બહારના રસ્તાઓને પણ આવરી લેવાશે

ગાંધીનગર, તા.૧૭

શહેરી વિસ્તારના ગામોમાં સી સી રોડનું કામ હાથ ધરવા માર્ગ મકાન વિભાગને રૂ. ૧૫.૫૦ કરોડના ખર્ચને મંજુરી આપવા તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. શહેરી વિસ્તારના ગામોમાં વર્ષોના અંતે પણ રસ્તાનુ કામ અધુરુ છે.

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ રસ્તાઓની જરૂરી સુવિધા ઉપલબ્ધ થઈ શકી નથી. અગાઉ શહેરી વિસ્તારના ગામોમાં સી સી રોડનું કામ હાથ ધરવામાં આવ્યુ હતું. પરંતુ લાંબા સમયના અંતે પણ આ કામગીરી પૂર્ણ થઈ શકી નથી. ગામોમાં અંદાજિત ૯ કીમી ના રસ્તાનુ કામ અધુરુ હોવાથી ગ્રામજનોએ હાલાકી ભોગવવી પડે છે. રસ્તાનુ અધુરુ કામ પુરુ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા વિભાગને નવેસરથી દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં શહેરી વિસ્તારના બોરીજ પાલજ બાસણ ધાળાકુવા સહીતના ગામોમાં રસ્તાનુ બાકી કામ પૂર્ણ કરવા રૂ ૧.૫૦ કરોડના કામોને મંજુરી આપવા જણાવાયુ છે. આ ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાં બહારના રસ્તાઓનુ કામ હાથ ધરવા પણ સુચવાયું છે. આ મામલે ટાઉન પ્લાનીંગ કક્ષાએ થી પણ અભિપ્રાય આપી દેવાયો છે. જેમાં ગટર સહિતની જરુરી લાઈનોને ધ્યાને લઈ રસ્તાનુ કામ હાથ ધરવા સુચવાયુ છે. બહારના વિસ્તારમાં રસ્તાનુ કામ હાથ ધરવા રૂ ૧૪ કરોડના ખર્ચને મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવી છે. શહેરી વિસ્તારના ગામોમાં વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવાયા બાદ કામ હાથ ધરાશે. દાયકાઓના અંતે પણ ગામડાઓમાં રસ્તાઓમાં પાણી, ગટર, અને રસ્તાની સુવિધા અપગ્રેડ કરી શકાઈ નથી. જેના પરિણામે ગ્રામજનોમાં આક્રોશ પ્રવર્તયો છે.

# દુનિયાની નજર ભારતીય સંસ્કૃતિ પર પણ ભારતીયોની ?

ગાંધીનગર, તા. ૧૭

સમગ્ર વિશ્વમાં આજે સંસ્કૃતિ દિવસ ઉજવાશે. ભારત આખા વિશ્વમાં તેની વિવિધતામાં ઐક્ય ધરાવતી સંસ્કૃતિના કારણે ખૂબ વિખ્યાત છે.

**આજે વિશ્વ સંસ્કૃતિ દિવસ**

ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં સૌથી પુરાતન સંસ્કૃતિના સો માની એક ગણાય છે અને પ્રાપ્ત અવશેષો પરથી દુનિયામાં સભ્યતા અને સમાજીક સંસ્કૃતિની પરંપરા ભારતમાંથી શરૂ થઈ હોવાનું તારણ મળ્યુ છે.

સદીઓ પહેલા ભારતમાં વૈદિક સંસ્કૃતિની બોલબાલા હતી. કાળક્રમે એમાં અનેક ફેરફાર આવતા ગયા. વિશ્વભરમાંથી અનેક જાતિઓ-પ્રજાતિઓ ભારતીય સંસ્કૃતિથી આકર્ષિત થઈ આવતી રહી અને સાથે પોતાની સંસ્કૃતિ પણ લેતી આવી. ભારતીય સંસ્કૃતિની હંમેશા એ ખૂબી રહી કે તેણે દરેક સાંસ્કૃતિનો અપનાાવી પોતાનામાં ભેળવી લીધી. આમ છતાં પોતાની આગવી ઓળખ જાળવી રાખી ભારતીય સંસ્કૃતિમાં સ્વતંત્રતા ચળવળે ખૂબ મોટી અસર ઉપજાવી અને અર્વાચીન સંસ્કૃતિ એ ભારતની આઝાદી પછી વિકસેલી છે. જેમાં પૌરાણિક સંસ્કૃતિ અને ૨૧મી સદીની વૈશ્વિક સંસ્કૃતિનો સુભગ સમન્વય જોવા મળી રહ્યો છે.

**સમયસર**

શેરીમાં રમતા રમતા બાળક જીવનના સંસ્કાર સહજ રીતે શીખે તે યુગ કદાચ ધીમે પગલે વિદાય લઈ રહ્યો છે. આજનું વિશ્વ બદલાઈ રહ્યું છે. શેરીનું સ્થાન આડેધડ પાર્કિંગથી ખદબદતા કોમન પ્લોટ્સે પચાવી પાડ્યું છે. હવે બાળપણ શેરી રમતોમાં ઓછુ વીતે છે, હવે કઠપુતળીના ખેલ કે નટ-બજાણીયાના કરતબ જોવા મળતા નથી, મોટા બિલોરી કાચવાળા ડબ્બાના બાકોરામાં મોં નાંખી 'આગ્રા કા તાજમહેલ' કે 'દિલ્હી કા કુતુબમિનાર દેખો' વાળા જોવા નથી મળતા પરંતુ મલ્ટીપ્લેક્ષ અને શોપિંગ મોલ્સની બોલબાલા વધી ગઈ છે. મદારીના ટોપલામાંથી ફુંફાડો મારી બેઠો થતો નાગ જોવાને બદલે હવે ટીવી પર કાર્ટૂન્સ જોવામાં વધુ રોમાંચ પડે છે. મહિલાઓ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરની ફુટપાથ પર બાળકોને અક્ષરજ્ઞાન આપવાની નિઃસ્વાર્થ સેવા

## ઘ-૬ તથા આસપાસની શ્રમજીવી વસાહતના બાળકો માટે સાંજે એક કલાકનો નિયમિત શિક્ષણ યજ્ઞ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૧૭

માણસ ઉંમરના બંધનને કારણે કદાચ નિવૃત થાય એ સ્વાભાવિક છે, પરંતુ માનસિક રીતે નિવૃત થતો નથી. કડી કેમ્પસના ડાયરેક્ટર એવા ડૉ. સોમાભાઈ પટેલે પણ માનસિક નિવૃત લીધી નથી. શિક્ષણ પ્રત્યેનો લગાવ તેઓ ઢળતી ઉંમરે પણ છોડી શકતા નથી. જેમાં તેઓએ છેલ્લા ચાર વર્ષથી શ્રમજીવી વસાહતના બાળકોને શિક્ષણ આપવાનો નિઃસ્વાર્થ યજ્ઞ ચલાવી રહ્યા છે. ગાંધીનગરના ઘ-૬ અને તુલસી કોમ્પલેક્ષના સામે ફૂટપાથ ઉપર બાળકોને અક્ષરજ્ઞાન આપી રહ્યા છે. સામે બાળકો પણ પુર્ણ ઉત્સાહથી આ શિક્ષણ ગુરૂના અભ્યાસવર્ગોને પ્રતિભાવ પુરૂ પાડી રહ્યા છે. નિયમિત સાંજે એક કલાકના આ શિક્ષણ યજ્ઞમાં નિઃશ્વાર્થ સેવા અને સમર્પણની ભાવના જોડાઈ છે જેનાથી અનેક ઉત્સાહી શિક્ષકોમાં પ્રેરણારૂપ બન્યા છે.

ગાંધીનગરમાં શિક્ષણ પિરસવાનો જેને ભેખ ધારણ કર્યો છે તેવા કડી કેમ્પસના ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે ગરીબ વિદ્યાર્થીઓ અને શ્રમજીવી પરિવારના બાળકોને પાયાનું શિક્ષણ આપવાનું એક અનોખુ મિશન હાથ ધર્યુ છે. નિઃશ્વાર્થ સેવા જ કર્મયોગ હોવાના સિદ્ધઆંતને અનુસરીને છેલ્લા ચારવર્ષથી ગાંધીનગરની ફુટપાથને જ શિક્ષણવર્ગ બનાવી બાળકોને અક્ષરજ્ઞાન પીરસી રહ્યા છે. હાલમાં ઘ-૬ પાસે તેમજ તુલસી કોમ્પલેક્ષ પાસે વીસ થી પચ્ચીસ બાળકો ફુટપાથ ઉપર અભ્યાસ કરે છે.

બાલમંદિરથી ધોરણ-૧૦ સુધીની ઉંમરના બાળકોને ગણિત, અંગ્રેજી તથા અન્ય વિષયોનું જ્ઞાન અપાય છે. અને હાલ આ બાળકોને ડૉ. સોમાભાઈ પટેલ, હેતેલબેન સોની, સેજલબેન બુધાણી અને ડૉ. રામકૃષ્ણભાઈ નામના શિક્ષકો શિક્ષણ આપી રહ્યા છે. આ બાળકોને નિઃશુલ્ક પેન, પેન્સીલ, ચોપડા તથા પેડ અપાય છે. અને સમયાંતરે પિરસેલા શિક્ષણ અંગેની

● અનુસંધાન પાન-૭ પર

# બાલોદ્યાનમાં મીની ટ્રેઈનનું એન્જિન બદલવા વિચારણા

## મીનીટ્રેઈન, ટ્રેક તેમજ પ્લેટફોર્મને ન્યુ લુક આપવા દરખાસ્ત

ગાંધીનગર, તા. ૧૭

સેક્ટર-૨૮ના બાલોદ્યાનમાં ભૂલકાઓની મીની ટ્રેઈનનું એન્જિન તેમજ ટ્રેઈનના ડબ્બા અને ટ્રેનનું નવીનીકરણ હાથ ધરવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. ત્રણ દાયકા જૂના મીની ટ્રેઈનના એન્જિનમાં છાશવારે ટેકનિકલ ખામી સર્જાતા સહેલાણીઓમાં પણ નિરાશા વ્યાપે છે.

સહેલાણીઓમાં આગવું આકર્ષણ ધરાવતા બાલોદ્યાનમાં મીની ટ્રેઈન અને તળાવ ભુલકાઓ માટે વિશેષ મનોરંજનરૂપ હોવાનું મનાઈ રહ્યું છે. પરંતુ જાળવણીના અભાવે બાલોદ્યાનમાં મીની ટ્રેઈનના પૈડા વારંવાર થંભી જાય છે. અગાઉ પાંચ વર્ષ સુધી ટ્રેઈન ટ્રેક પર દોડી શકી ન હતી. જ્યારે ચાર વર્ષ પૂર્વે પ્લેટફોર્મના નવીનીકરણની સાથે ટ્રેઈનના એન્જિનનું સમારકામ તેમજ ટ્રેકનું પણ જરૂરી કામ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ ત્રણ દાયકા જૂની મીની ટ્રેઈન છાશવારે ખોરવાતા સહેલાણીઓમાં પણ નિરાશા પ્રવર્તે છે. બાલોદ્યાનના તળાવનું રીનોવેશન કરી દેવાયુંછે ત્યારે આગામી તા. ૨૫ એપ્રિલથી બોટીંગ શરૂ કરી દેવાશે. હાલની સ્થિતિએ મીની ટ્રેઈન પણ શરૂ કરી દેવાઈ છે. પરંતુ વર્ષોના અંતે મીની ટ્રેઈનનું એન્જિન નવુ ખરીદવા ઉપરાંત ટ્રેકનું પણ નવીનીકરણ કરવાનું અનિવાર્ય હોવાથી તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

# શહેરમાં ઉનાળો જામ્યો : પારો ૪૦.૩ ડી.ગ્રી

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં ગત સપ્તાહ દરમિયાન સજાર્યેલા નાટયાત્મક હવામાન પલ્ટાબાદ મૌસમનો મિજાજ ફરી એકવાર બદલાયો છે. છેલ્લા બે દિવસથી વાતાનરણમાં અસહ્ય ગરમીનું મોજુ ફરી વળ્યુ છે. સપ્તાહના અંતે ગરમીનો પારો ૫ ડીગ્રી સુધી ઉંચકાયો છે. આજે પણ મહત્તમ તાપમાન ૪૦.૩ ડીગ્રી રહેતા નગરજનોએ અસહ્ય ગરમી અનુભવી હતી.

ગાંધીનગરમાં આ વખતે ઉનાળાના આગમનથી જ મૌસમનો મિજાજ પારખી શકાય તેવો નથી. ગરમીની શરૂઆત પણ મોડી થઈ છે. જયારે આકરા ઉનાળાના દિવસોમાં પણ નગરજનોએ શિયાળા જેવી ઠંડક અનુભવી છે. આગ ઓકતી ગરમીની સાથે બરફના ઓલા પણ પડતા નગરજનો મૌસમના વિચિત્ર મિજાજથી હેબતાઈ ગયા છે. ગરમીના પારાની ચઢઉતર વચ્ચે સતત સર્જાતા વાતાવરણ પલ્ટાએ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)


**બેસણું**



**સ્વ. પટેલ જગદીશભાઈ બાબુભાઈ (ચિલોડા)**

જન્મ તા. ૧૬-૧૧-૯૧ સ્વ. તા. ૧૪-૪-૨૦૧૫

અમારા પૂજ્ય પિતાશ્રી **જગદીશભાઈ બાબુભાઈ પટેલ** (ચેરમેન, ચિલોડા સેવા સહકારી મંડળી, મોટા ચિલોડા)નું દુઃખદ અવસાન તા. ૧૪-૪-૨૦૧૫ને મંગળવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું.

**સદ્‌ગતનું બેસણું તા. ૧૯-૪-૨૦૧૫ને રવિવારના રોજ અમારા નિવાસસ્થાને સવારે ૮ થી ૧૨ કલાકે** રાખેલ છે.

સ્થળ : ઠે. યુનિયન બેન્કની બાજુમાં, મુ.પો. ચિલોડા મોટા તા. જી. ગાંધીનગર. (મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮, ૯૯૭૮૫૦૯૦૦૨)

**કર્મયોગી :**

ચિલોડા સેવા સહકારી મંડળીના ૨૦ વર્ષથી ચેરમેન
ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ડીરેક્ટર
ચિલોડા ગ્રામ પંચાયતના સભ્ય, પૂર્વ ડેપ્યુટી સરપંચ
૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના પૂર્વ ઉપપ્રમુખ
ધી ગાધીનગર તાલુકા સ. ખ.વે. સંઘના પૂર્વ ડિરેક્ટર

લિ.

પટેલ જૈમિનકુમાર જગદીશભાઈ (પુત્ર) (ગા.તા. યુવા ભાજપ-મંત્રી)
પટેલ અનુજકુમાર જગદીશભાઈ (પુત્ર)
પટેલ રમણભાઈ જીવાભાઈ (કાકા)
પટેલ પ્રવિણભાઈ બાબુભાઈ (ભાઈ)
પટેલ જશવંતભાઈ રમણભાઈ (ભાઈ)
પટેલ રોહિતભાઈ રમણભાઈ (ભાઈ)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
- કમલેશભાઈ કોદરદાસ પટેલ - જાખોરાવાળા


## પારો ૪૩ ડી.ગ્રી એ પહોચશે

છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનો પારો તળિયે પહોચી ગયો હતો. કમૌસમી વરસાદના લીધે ગરમી અદશ્ય થઈ ગઈ હતી. આકરા ઉનાળે ચોમાસા જેવા દશ્યો સર્જાયા હતા. વરસાદી વાયરાએ મૌસમનો મિજાજ બદલાઈ ગયો હતો. પરંતુ ધીમેધીમે ગરમીનો મિજાજ નિખરતા પારો ૪૦ ડી.ગ્રી ને વટાવી ગયો છે. જો કે હવામાન તજજ્ઞોનોના જણાવ્યા મુજબ આગામી સપ્તાહમાં ગરમીનો પારો ૪૩ ડીગ્રી સુધી પહોંચી જશે.


**NATIONAL INSTITUTE OF FASHION TECHNOLOGY, GANDHINAGAR**
(Ministry of Textiles, Govt. of India)
GH-0 Extension Road, Near Infocity, Gandhinagar – 382007
Phone No. 079-23240832, 23240834, 23265000 Fax : 079-23240772

**NOTICE INVITING TENDER**
**TENDER NOTICE NO. 01/2015-16/NIFT/GNR**

The Purchase Officer, NIFT, Gandhinagar invites tenders from interested bidders having experience of similar works in organizations / institutes of repute with statutory registrations for providing such types of services.

| Tender Notice No. | Descriptions | Last date of Tender Submission upto 3.00 pm | Date of Opening of Tender at 4.00 pm | Price of Tender Forms Rs. |
|---|---|---|---|---|
| 1 | Comprehensive AMC for Air Conditioners services | 29/5/2015 | 29/5/2015 | 500.00 |

For details please visit our website www.nift.ac.in/gandhinagar. However, additional information, if required, kindly contact this office during office hours only.

Date : 17.04.2015 Purchase Officer


# સચિવાલય સંકુલને વાઈ-ફાઈ સુવિધાથી સજ્જ કરવા નિર્ણય

## સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨ સહિત સમગ્ર સચિવાલયમાં વાઈ-ફાઈ સુવિધા ઉપલબ્ધ બનાવાશે

ગાંધીનગર, તા. ૧૭

સમગ્ર રાજ્યનું જ્યાંથી સંચાલન થાય છે તેવા સ્વર્ણિમ સંકુલ અને નવા સચિવાલય સંકુલને વાઈફાઈ ઈન્ટરનેટ સુવિધાથી સજ્જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રારંભમાં ૧૫ હજાર જેટલા કર્મચારીઓને વાઈફાઈ સુવિધાનો લાભ મળશે. ત્યારબાદ અન્ય મુલાકાતીઓને તેનો લાભ આપવામાં આવશે.

સચિવાલય સંકુલમાં જ તાજેતરમાં સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨ નું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સંકુલ સહિત સમગ્ર સચિવાલય સંકુલને વાઈ-ફાઈ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવા સચિવાલય, જૂના સચિવાલય, વિધાનસભા સંકુલ, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨ જ્યાં મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ અને સચિવો સહિત ઉચ્ચ અધિકારીઓ બેસે છે. તેને વાઈફાઈ સુવિધાથી આવરી લેવાની વિચારણા ચાલતી હતી. છેવટે સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા આ અંગેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ત્રણ મહિનામાં સમગ્ર સંકુલમાં વાઈફાઈ સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સુરક્ષાની દષ્ટિએ વાઈફાઈ સુવિધાની સાથે કોઈ ચેડા ન થાય તેની ખાસ કાળજી લેવામાં આવી રહી છે. પ્રારંભિક તબક્કામાં સચિવાલય સંકુલના ૧૫ હજાર જેટલા કર્મચારીઓને આ સુવિધાનો લાભ મળશે. તે પછી અન્ય મુલાકાતીઓને પણ તેનો લાભ મળી શકશે.


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



**ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ**
ADMISSION OPEN
નસીબ દ્વારા નિષ્ક્રિય,
જ્ઞાન દ્વારા સક્રિય.
I AM FROM G.I.P.S.
THE APPLICATOR OF KNOWLEDGE
Affiliated to UNIVERSITY of CAMBRIDGE International Examinations
CAMBRIDGE INTERNATIONAL CENTER
Gandhinagar - Mansa highway Randheja, Gandhinagar - 382620
Phone No : 07923976821-22-23
Cell : +91 9925017160 |
Web : www.gipschool.com
E-mail : gips.school@yahoo.com
GANDHINAGAR International Public School
Gandhinagar | Dense
Admissions Open From Nursery to 12th Sci-Com Gujarati/English Medium



SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com